### પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતે

# ચેતક કમાન્ડો માટે "હેપ્પી લિવિંગ" કાર્યક્રમ યોજાયો





પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતે ચેતક કમાન્ડો માટે નાગપુરના વતની અને ડિફેન્સ મંત્રાલયમાં રોકેટ એન્ડ મિસાઈલ એન્જીનીયર તરીકે સેવારત રાજયોગી પુરુષોતમભાઈનો "હેપ્પી લિવિંગ" વિષયક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

બ્રહ્માકુમારીઝના શિવશક્તિ ભવન ખાતે યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં ચેતક કમાન્ડોના ડીવાયએસપી વાય. આઈ. સાઢી તથા ૮૩ જેટલા ચેતક કમાન્ડો હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં પુરુષોતમભાઈએ "હેપ્પી લિવિંગ" પર દૃષ્ટાંત સાથે વિગતવાર છણાવટ સહિતનું મનનીય વ્યાખાન આપ્યું હતું અને જીવનમાં હળવા રહીને હેપ્પી રહેવાની પ્રેક્ટિકલ એપ્લિકેશન પણ બતાવી હતી. આ વિષયે બ્રહ્માકુમારી પ્રિયાબેને પણ ખૂબ જ સરળ ભાષામાં અને અપીલ થાય તે રીતે પ્રકાશ પાડ્યો હતો. આ પ્રસંગે સેક્ટર-૨૮ સેવાકેન્દ્ર સંચાલિકા કેલાશ દીદીએ આશીર્વચન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન બ્રહ્માકુમારીઝ, સેક્ટર-૩૦નાં સંચાલિકા બ્રહ્માકુમારી કૃપલબેને કર્યું હતું.

## ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજના અંગ્રેજી વિષયના વ્યાખ્યાતા પ્રા. હરિતભાઈ સોમભાઈ પટેલ પીએચડી થયા



ગાંધીનગર, તા. ૧૮

ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજના અંગ્રેજી વિષયના વ્યાખ્યાતા પ્રા. હરિતભાઈ સોમભાઈ પટેલ દ્વારા ડૉ. વિકાસભાઈ રાવલના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલા મહાશોધ નિબંધ 'ઈન્ડો-બ્રિટીશ રિલેશનશીપ ઈન ધી સિલેક્ટેટ નોવેલ્સ'ને કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા માન્ય રાખી પીએચડીની પદવી એનાયત કરવામાં આવી છે.

કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. અમૃતા પટેલ અને વાઈસ પ્રિન્સિપાલ ડૉ. પ્રણવ જોષીપુરાએ સમગ્ર કૉલેજ પરિવાર વતી હરિતભાઈને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

## જન્મદિને વધામણી



વિવેક બ્રહ્મભટ્ટ
મિકેનીકલ એન્જિનીયર



સુરેશભાઈ નટવરલાલ ત્રિવેદી
મો. ૭૦૯૬૬ ૩૦૦૭૪



આર્યા જે શાહ
મો. ૯૭૨૩૦ ૧૯૩૯૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## ગાંધીનગર મહાનગર ભાજપ મહિલા મોરચા દ્વારા નગરમાં 'પ્રબુદ્ધ મહિલા સંમેલન' યોજવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૧૮


ગાંધીનગર મહાનગર ભાજપ મહિલા મોરચા દ્વારા તાજેતરમાં 'પ્રબુદ્ધ મહિલા સંમેલન' યોજવામાં આવ્યું હતું, જે અંતર્ગત વિવિધ ક્ષેત્રોમાં સિદ્ધિ પ્રાપ્ત કરનારાં મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર મહાનગર ભાજપના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, મહામંત્રી કનુભાઈ દેસાઈ, ઘોષિત મેયર રીટાબેન પટેલ, મહિલા મોરચાનાં પ્રભારી વિણાબેન પ્રજાપતિ અને ગાંધીનગર બ્રહ્માકુમારીઝનાં ધર્મિષ્ઠાદીદી આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં.

સ્વાગત પ્રવચન મહિલા મોરચાનાં પ્રમુખ મણીબેન દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અતિથિઓના હસ્તે મહિલાને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. વીણાબેન પ્રજાપતિ, મણિબેન દેસાઈ અને રીટાબેન પટેલનું સન્માન પરમજિત છાબડાના હસ્તે કરવામાં આવ્યું હતું. ઉપાધ્યક્ષ પલ્લવીબેન દ્વારા ભજન મંડળીનાં બહેનોને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. ધર્મિષ્ઠાદીદીએ 'નારી તું નારાયણી' અને ડૉ. અરૂણાબેન પટેલે 'દવા વિના તંદુરસ્ત કેમ રહેવું' એ વિષયે વક્તવ્યો આપ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન પ્રિયાબેન પટેલ દ્વારા અને આભારવિધિ ભાવનાબેન પાઠક દ્વારા કરવામાં આવી હતી.

## ઉપનિષદ પ્રકાશનનું નવું પુસ્તક 'ઓશોના મૃત્યુનું રહસ્ય' પ્રકાશિત

### પુસ્તક ઓશોનાં શિષ્યા સ્યુ ઍપલટોન ઉર્ફે મા આનંદો દ્વારા લખાયું છે, જેમણે કાયદાનો અભ્યાસ કરેલો છે




ગાંધીનગર, તા. ૧૮

ઉપનિષદ પ્રકાશન દ્વારા પોતાના ૬૫મા પ્રકાશન તરીકે 'ઓશોના મૃત્યુનું રહસ્ય' પુસ્તકનું પ્રકાશન કરવામાં આવ્યું છે.

આ પુસ્તક ઓશોનાં શિષ્યા સ્યુ ઍપલટોન ઉર્ફે મા આનંદો દ્વારા લખાયું છે, જેમણે કાયદાનો અભ્યાસ કરેલો છે અને અમેરિકાની સુપ્રીમ કૉર્ટ સુધી વકીલ તરીકે વકીલાત કરેલી છે.

'ઓશાના મૃત્યુનું રહસ્ય' શોધવાના પ્રયાસમાં તેમણે ખૂબ ઊંડે સુધી ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો છે. સમગ્ર ઘટનાની ઊંડાણમાં ગયાં છે અને તેમનો જે જાણવા મળ્યું છે ચોંકાવનારું અને આઘાતજનક છે. ઓશોને અમેરિકા સરકાર અને તંત્ર દ્વારા ખોટી રીતે હેરાનજ કરવામાં આવ્યા છે એટલું જ નહીં, પણ ધીમું છતાં ચોક્કસ અસર કરતું ઝેર પણ પીવડાવવામાં આવ્યું છે. પરિણામે ૫૯ વર્ષની ઉંમરે ઓશોએ દુનિયામાંથી વિદાય લીધી હતી.

ઓશોનું ઐશ્વર્ય અને ગરિમા એ છે કે જે વ્યક્તિ ૯૦ રૉલ્ય રૉયસમાં ફરી શકે છે તે જ વ્યક્તિ હાથમાં બેડીઓ અને આજુબાજુ સરકારી તંત્રના અધિકારીઓ વચ્ચે પણ એ જ મનમોહક સ્મિત સાથે આપણું અભિવાદન કરી શકે છે.

## જે એમ ચૌધરી સાર્વ. વિદ્યાલય દ્વારા વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૮

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમ અંતર્ગત વર્ષ દરમિયાન અભ્યાસ ઉપરાંત અન્ય પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેનારા વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

આ પ્રસંગે અતિથિ તરીકે મંડળના પ્રમુખ હરીભાઈ ચૌધરી, ઉપપ્રમુખ શંકભાઈ ચૌધરી, મણીભાઈ ચૌધરી, યશવંતભાઈ ચૌધરી તથા સમગ્ર સંકુલના આચાર્યો ઉપસ્થિત રહ્યા હતા. શાળાનાં આચાર્ય મીનાબેન ચૌધરીએ વિદ્યાર્થીઓને બિરદાવી શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન અંજનાબેન ચૌધરી, ભાવનાબેન ચૌધરી અને હંસાબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

## ધમકી ?

॥ ત્રીજો મણકો ॥

## ગાંધીયાત્રા

પણ મારો અનુભવ એવો છે કે, અમ્લદારો ત્રીજા વર્ગના મુસાફરોને મનુષ્ય ગણવાને બદલે જાનવર જેવા ગણે છે. તુંકારા સિવાય તો તેમને બોલાવાય જ નહીં. ત્રીજા વર્ગના મુસાફરથી સામે જવાબ ન અપાય, દલીલ ન થાય. કેમકે જાણે તે અમલદારનો નોકર હોય નહીં એમ તેણે વર્તવું રહ્યું. તેને અમલદાર માર મારે, તેને લૂંટે, તેને ટ્રેન ચૂકાવે, તેને ટિકિટ દેતા રિબાવે. આ બધું મેં જાતે અનુભવ્યું છે. અને આ વસ્તુસ્થિતિમાં સુધારો તો જ થાય જો કેટલાક ભણેલા અને ધનિક ગરીબ જેવા બને અને ત્રીજા વર્ગમાં ફરી ગરીબ મુસાફરને ન મળતી હોય એવી એક પણ સગવડ ન ભોગવે અને અગવડો, અવિવેક, અન્યાય બીભત્સતા મૂંગે મોઢે સહન ન કરતાં તેમની સામે થાય ને દાદ મેળવે. કાઠિયાવાડમાં હું જ્યાં જ્યાં ફર્યો ત્યાં ત્યાં વીરમગામની જકાતની તપાસને અંગે થતી હાડમારીની ફરિયાદો સાંભળી.

તેથી લૉર્ડ વિલિંગ્ડને આપેલા નિમંત્રણનો મેં તુરત ઉપયોગ કર્યો. અ બાબતનાં મળ્યાં એટલાં કાગળીયા વાંચ્યા. ફરિયાદમાં ઘણું તથ્ય હતું એમ મેં જોયું. તે બાબત મેં મુંબઈની સરકાર સાથે પત્ર વ્યવહાર ચલાવ્યો. સેક્રેટરીને મળ્યો. લૉર્ડ વિલિંગ્ડનને પણ મળેલો. તેમણે દિલસોજી બતાવી, પણ દિલ્હીની ઢીલની રાવ ખાધી.

'જો અમારા જ હાથમાં હોત તો અમે ક્યારની એ જકાત કાઢી નાંખી હોત, તમે વડી સરકાર પાસે જાઓ.' આમ સેક્રેટરીએ કહ્યું.

મેં વડી સરકાર સાથે પત્ર વ્યહવાર ચલાવ્યો. પણ પહોંચ ઉપરાંત કશો જવાબ ન મળ્યો. જ્યારે મને લૉર્ડ ચેમ્સફર્ડને મળવાનો પ્રસંગ આવ્યો ત્યારે, એટલે લગભગ બે વર્ષના પત્રવ્યહવાર બાદ, દાદ મળી. લૉર્ડ ચેમ્સફર્ડને વાત કરી ત્યારે તેમણે આશ્ચર્ય બતાવ્યું. તેમને વીરમગામને વિષે કંઈ જ ખબર નહોતી. મારી વાત ધ્યાન પૂર્વક સાંભળી, અને તે જ વખત્રે ટેલિફોન કરી વીરમગામન કાગળિયાં મંગાવ્યાં. જો મારી હકીકતની સામે અમલદારોને કંઈ કહેવાનું નહીં હોય તો જકાત રદ્દ કરવાનું વચન આપ્યું. આ મેળાપ પછી થોડા જ દિવસમાં જકાત રદ્દ થવાની નોટિસ મેં છાપામાં વાંચી.

મેં આ જીતને સ્ત્યાગ્રહના પાયારૂપે માની, કેમ કે વીરમગામ વિષે વાતો દરમ્યાન મુંબઈ સરકારના સેક્રેટરીએ મને મારા તે વિષે બગસરામાં કરેલા ભાષણની નકલ પોતાની પાસે હોવાનું કહ્યું હતું. તેમાં રહેલા સત્યાગ્રહના ઉલ્લેખ વિષે નાખુશી પણ બતાવી હતી. તેમણે પૂછેલું:

'તમે આને ધમકી નથી માનતા? અને આમ શક્તિમાન સરકાર ધમકીને ગાંઠે?'

મેં જવાબ આપ્યો: ' આ ધમકી નથી આ લોકકેળવણી છે. લોકોને લોતાનાં દુઃખ દૂર કરવાના બધા વાસ્તવિક બતાવવાનો મારા જેવાનો ધર્મ છે. જે પ્રજા સ્વતંત્રતા ઈચ્છે તેની પાસે પોતાની રક્ષાના અંતિમ ઈલાજ હોવા જોઈએ. સામાન્ય રીતે આવા ઈલાજો હિંસક હોય છે, સત્યાગ્રહ એ શુદ્ધ અહિંસક શસ્ત્ર છે. તેનો ઉપયોગ ને તેની મર્યાદા બતાવવાનો મારો ધર્મ માનું છું. અંગ્રેજ અરકાર શક્તિમાન છે એ વિષે મને શંકા નથી પણ સ્ત્યાગ્રહ સર્વોપરી શસ્ત્ર છે એ વિષે પણ મને શંકા નથી.'

શાણા સેક્રેટરી એ પોતાનું માથું ધુણાવ્યું ને બોલ્યા: 'આપણે જોઈશું.'



'સત્યના પ્રયોગો'માંથી સાભાર

## ચૌધરી નર્સિંગ ઈન્સ્ટીટ્યુટમાં શપથગ્રહણ સમારોહ




ગાંધીનગર, તા. ૧૮

ચૌધરી ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગમાં બીએસસી નર્સિંગ અને જીએનએમના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે શપથવિધિ સમારોહ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ગુજરાત નર્સિંગ કાઉન્સિલનાં રજિસ્ટ્રાર ડૉ. પ્રજ્ઞા ડાભી, માણસા વિધાનસભા વિસ્તારના પૂર્વ ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ઈન-ચાર્જ કુલપતિ ડૉ. અનિલ નાયક, આઈ એ કડીવાલા, બી કે પ્રજાપતિ, ડૉ. નરેન્દ્ર પી સાંઘવી, ડૉ. હરિમોહનસિંગ અને શ્રી અખિલ આંજણા કેળવમી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, પૂર્વ પ્રમુખ મણિભાઈ ચૌધરી, ટ્રસ્ટી માધુભાઈ ચૌધરી, એસ આર ચૌધરી, એમ એમ ચૌધરી, શંકરભાઈ ચૌધરી, લાલજીભાઈ ચૌધરી, જેસંગભાઈ ચૌધરી, કેમ્પસ ડિરેક્ટર યશવંતભાઈ ચૌધરી, ચૌધરી ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગના પ્રિન્સિપાલ મયુક જૈન, તથા ફેકલ્ટી મેમ્બર્સે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી.

## ગણપત યુનિ.માં નેશનલ સ્ટુડન્ટ રિસર્ચ કન્વેન્શન યોજાયું

### સમગ્ર ભારતની ૪૨ યુનિવર્સિટીઝના ૧૦૭ રિસર્ચ સ્કોલર્સે ભાગ લીધો




ગાંધીનગર, તા. ૧૮

મહેસાણાની ગણપત યુનિવર્સિટીમાં તા. ૧૨થી ૧૪ માર્ચ દરમિયાન ૮મું નેશનલ સ્ટુડન્ટ રિસર્ચ કન્વેન્શન (અન્વેષણ) યોજાયું હતું, જેમાં મુખ્ય મહેમાન તરીકે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના વાઈસ પ્રેસિડન્ટ, ડૉ. શંકર વેણુગોપાલ, એસોશિયેશન ઓફ ઈન્ડિયન યુનિવર્સીટીઝના પ્રેસીડન્ટ ડૉ. સંદીપ સંચેતી, એઆઈયુના ડાયરેક્ટર રીસર્ચ અને ચીફ કો-ઓર્ડીનેટર ડૉ.અમરેન્દ્રપાની, એઆઈયુના આસિસ્ટન્ટ ડાયરેક્ટર રીસર્ચ અને ઈવેન્ટ કો-ઓર્ડીનેટર અધિકારી ડૉ. ઉષા રાય નેગી તેમજ યુ ચંદ્રશેખર, ઈડન પ્રભુ, ડી. એસ. નવલ ગુણકર, ગણપત યુનિવર્સીટીના પ્રેસીડન્ટ, ગણપતભાઈ પટેલ (પદ્મશ્રી) અને ડાયરેક્ટર જનરલ, પ્રો.ડૉ. મહેન્દ્ર શર્મા, ગણપત યુનિવર્સીટીના કોમ્પુટર એપ્લીકેશન્સ ફેકલ્ટીના ડીન અને ઈવેન્ટ કો-ઓર્ડીનેટર ડૉ. સત્યેન પરીખ, સેક્રેટરી, રજિસ્ટ્રાર ડૉ. અમિત પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ કન્વેન્શનમાં સમગ્ર ભારતની ૪૨ યુનિ.ના ૧૦૭ રિસર્ચ સ્કોલર્સે તેમના ૬૫ જેટલા રિસર્ચ પ્રોજેક્ટ રજૂ કરીને નિષ્ણાતોને પ્રભાવિત કર્યા હતા. રિસર્ચ સ્કોલર્સ દ્વારા રજુ થયેલા પ્રોજેક્ટ્સ મુખ્યત્વે એગ્રીકલ્ચર, બેઝીક સાયન્સ, એન્જીન્યરીંગ અને ટેકનોલોજી, હેલ્થ સાયન્સિસ, ફાર્મસી અને ન્યુટ્રીશન, સોશિયલ સાયન્સિસ, હ્યુંમેનિટીઝ, કોમર્સ તેમજ લૉ જેવા વિષયોના હતા.

કન્વેન્શનના પ્રથમ દિવસે સવારે મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય બાદ ઉદઘાટન સમારંભનો પ્રારંભ થયો હતો. ત્રણ દિવસ દરમિયાન કન્વેન્શનમાં રજૂ થયેલા વિવિધ રીસર્ચ પ્રોજેક્ટમાંથી તેની શ્રેષ્ઠતા અને ઉપયોગિતાને ધ્યાનમાં રાખીને નિષ્ણાત નિરીક્ષકોએ વિવિધ વિષયોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ ત્રણ ક્રમાંક આપીને ઈનામો જાહેર કર્યા હતા.

આ કન્વેન્શનના સમાપન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે બકેરી ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર, પવન બકેરી તેમજ અન્ય મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પવન બકેરીએ વિદ્યાર્થીઓને તેમના વિચારોનું આદાન પ્રદાન કરીને પ્રોત્સાહિત કર્યા હતા.

આ કન્વેન્શનને સફળ બનાવવામાં યુનિવર્સિટીના રજિસ્ટ્રાર, ડૉ. અમિત પટેલ, ઈવેન્ટ કો-ઓર્ડીનેટર, ડૉ.સત્યેન પરીખ સહિત અનેક પ્રધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. આ કન્વેન્શનને સફળ બનાવવામાં ગુજકોસ્ટ, યુ.આર.એન્જી ઈન્ડિયા લીમીટેડ, કેવીત્ક એન્ડ હૂસમી મેટલે સહકાર આપ્યો હતો.